(અમદાવાદ આવૃત્તિ) ગુજરાત સમાચાર

શુક્રવાર, તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૧

# જીવંત લીવરનું ટ્રાન્સપ્લાન્ટેશન



પતિ સુનિલ પટેલને લીવરનો થોડું ભાગનું દાન આપનારા પત્ની જિજ્ઞાબહેન સાથે ડો. ચિરાગ દેસાઈ.

અમદાવાદ, ગુરૂવાર

જીવંત લીવરનું ટ્રાન્સ પ્લાન્ટેશન કરવાનો ગુજરાતનો પહેલો કિસ્સો એપોલો હોસ્પિટલમાં નોંધાયો છે. નોંધપાત્ર બાબત એ છે કે લીવરની બીમારીથી પીડાતા સુનીલ પટેલને એમની પત્નીએ જ પોતાના લીવરનો થોડો ભાગ આપ્યો છે. ચીફ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો. ચિરાગ દેસાઈએ આ માહિતી આપતા જણાવ્યું હતું કે, ૪૭ વર્ષના શ્રી સુનિલ પટેલ છેલ્લા તબક્કાની લીવરની માંદગીથી પીડાતા હતા. આ બીમારીમાં દર્દી બહુ વધારે મહિના જીવી શકતો હોતો નથી. તેમને તાકીદે લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવી હતી. ૪૬ વર્ષના તેમના પત્ની જિજ્ઞાબહેન પટેલનું લોહી તેમના બ્લડગ્રુપ સાથે મેચ થતું હતું. તેઓ તેમના લીવરનો થોડો ભાગ તેમના પતિને ડોનેટ કરવા માટે તૈયાર હતાં. તેમની પર જરૂરી તમામ ટેસ્ટ કરાયા. દાતાના લીવરની સ્થિરતા પણ જોવામાં આવી. આ સર્જરી ૧૬ કલાક ચાલી હતી.